| PUBLICATION NAME : | Prabhat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/06/24 |
| PAGE : | 2 |

# EDII દ્વારા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ઈનોવેશન પર પેનલ ડિસ્કશનનું આયોજન કર્યું

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (EDII) અમદાવાદ દ્વારા ઈન્ટરનેશનલ માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) દિવસની ઉજવણીના ભાગરૂપે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એન્ડ ઈનોવેશન' પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ ૨૭જૂન, ૨૦૨૪ના રોજ અમદાવાદના EDII કેમ્પસમાં યોજાયો હતો. જેમાં એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકો અને સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઓનલાઈન મોડ દ્વારા કેમ્પસમાં અને સમગ્ર દેશમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ન્યુ દિલ્હી એસએમઈ બોર્ડના સલાહકાર તેમજ પેનલિસ્ટ શ્રી શૈલેષ પટવારી, શ્રી પ્રદીપ ઓઝા, સંયુક્ત નિયામક, MSME ડેવલોપમેન્ટ ફેશન ઓફિસ વિકાસ સુવિધા કાર્યાલય (DFO), વાસા ફાર્મકિમ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને એમડી અને ગુજરાત કેમિકલ એસોસિએશન અને ગુજરાત ફાર્માસ્યુટિકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડૉ. જૈમિન વસા, શ્રી યમન સલુજા, સહ-સ્થાપક, નાપબુક લિમિટેડ, જાણીતા ઈ-કોમર્સ પોર્ટલના પ્રતિનિધિ અને ડૉ. સુનિલ શુક્લા - ડાયરેક્ટરજનરલ, EDII ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમની શરૂઆત ફેકલ્ટી અને કોઓર્ડિનેટર ડિપાર્ટમેન્ટ ઑફ બિઝનેસ ડેવલપમેન્ટ સર્વિસિસ અને નેશનલ આઉટરીચના ડૉ. રાજીવ શર્મા ના સ્વાગત પ્રવચનથી થઈ હતી.